આવતીકાલે અક્ષરધામ અને ગિફ્ટસીટીની બ્રિટનના પ્રધાનમંત્રી મુલાકાત લેશે

ગાંધીનગર, તા. ૧૯

બ્રિટનના પ્રધાનમંત્રી બોરીસ જોન્સન આગામી ૨૧મી એપ્રિલના રોજ ગાંધીનગરની મુલાકાતે આવશે.

પહેલીવાર ગુજરાતની મુલાકાતે તેઓ આવી રહ્યા છે. સવારે સાડા આઠ વાગે એરપોર્ટ આવશે અને રાત્રે સાડા નવ વાગે દિલ્હી જવા રવાના થશે. આ સાડાતેર કલાકની મુલાકાત દરમ્યાન તેઓ ગાંધીનગરમાં ગિફ્ટસીટી તેમજ અક્ષરધામની પણ મુલાકાત લેનાર છે. તેઓ જાણીતા ઉદ્યોગપતિ ગૌત્તમ અદાણી સાથે પણ મુલાકાત કરનાર છે.

હાલોલ ખાતેના જેસીબી પ્લાન્ટની મુલાકાત લેશે. અમદાવાદ એરપોર્ટ પર મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ બ્રિટનના પ્રધાનમંત્રી બોરીસ જોન્સનનું સ્વાગત કરશે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી બન્યા ત્યારથી લઈને આજ સુધીમાં ૧૪ દેશના વડાઓએ ગુજરાતની મુલાકાત લીધી છે. હાલમાં મોરિશ્યસના વડાપ્રધાન પ્રવિણ જુગનાથ ત્રણ દિવસની ગુજરાતની મુલાકાતે છે. ૨૧મી એપ્રિલે બ્રિટનના વડાપ્રધાન પહેલીવાર ગુજરાત આવી રહ્યા છે. આ પહેલા અમેરિકા, જાપાન, કેનેડા, ઈઝરાયેલ, ચીન, મોઝામ્બિક, સર્બિયાના અને નેપાળ સહિતના દેશોના વડાઓ ગુજરાત સહિત અમદાવાદની મુલાકાત લઈ ચુક્યા છે.

બ્રિટનના વડાપ્રધાનની ગાંધીનગરની મુલાકાતને લઈ તંત્ર દ્વારા હાલ તૈયારીઓ ચાલી રહી છે. ગિફ્ટસીટીએ તેમજ અક્ષરધામે તેની વૈશ્વીક ઓળખ બનાવી હોવાથી બોરીસ જોન્સન આ બે સ્થળોની મુલાકાત લેનાર છે.

આવતીકાલે અક્ષરધામ મંદિર બંધ રહેશે

અનિવાર્ય સંજોગોના કારણે અક્ષરધામ સંકુલ આગામી તા. ૨૧મી એપ્રિલને ગુરૂવારના રોજ સંપૂર્ણપણે બંધ રહેશે. યાત્રિકો અને દર્શનાર્થીઓને આ બાબતની નોંધ લેવા જણાવાયુ છે.

ઉનાળો તેની ચરમસીમાએ પહોંચી રહ્યો છે. આકાશમાંથી જાણે કોઈ અંગારા વરસાવતુ હોય તેવો આકરો તાપ પડી રહ્યો છે. ઘરની બહાર નીકળવાનુ મન ન થાય તેવા આકરા તાપમાં પેટીયુ રળતા શ્રમિકો આકરી મહેનત કરી રહ્યા છે. અતિશય મોંઘવારીના સમયમાં તાપ-તડકાની પરવાહ કર્યા વિના શ્રમિકોને ના છૂટકે મહેનત મજૂરી કરવી પડે છે. કચરો વીણીને ગુજરાત ચલાવતી આ મહિલા જાણે ગરમીને પડકારી રહી છે.

શહેરમાં વિવિધ કક્ષાના આવાસો ફાળવવા માટે ૪૫૦૦ની પ્રતિક્ષા યાદી

એકબાજુ નવા આવાસો બાંધવા માટે જગ્યા નિયત કરવામાં વિલંબ થઇ રહ્યો છે ત્યારે જુના આવાસો પણ રહેણાંકને લાયક રહ્યા નથી : રહેણાંકના આવાસોના મામલે તંત્રને પણ મોટી મુંઝવણ

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં સેકટરોમાં સ્થિત દાયકાઓ જુના સરકારી આવાસો બિન ઉપયોગી બન્યા છે. જોખમી અને જર્જરિત આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જયારે સેકટરોમાં નવા આવાસો બાંધવા માટે ઝડપથી નવી સાઈટ પણ નક્કી થતી નથી જેના લીધે નવા મકાનો બાંધવાની યોજના પણ મંદ ગતિએ છે જુના આવાસો તોડવામાં આવ્યા બાદ ઝડપથી નવા આવાસો બાંધવા માટે સાઈટ નિયત કરવામાં આવતી નથી. આવા સંજોગોમાં તંત્ર હસ્તક રહેણાંકને લાયક મકાનો ફાળવવા માટે મકાનો ઉપલબ્ધ નથી. જેના લીધે તંત્રના ચોપડે આવાસોના મામલે પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. હાલ વિવિધ કક્ષાના આવાસોને અનુલક્ષી ૪૫૦૦ જેટલા અરજદારો પ્રતિક્ષા યાદીમાં સમાવિષ્ટ છે.

ગાંધીનગર શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો ચાર થી પાંચ દાયકાના અંતે કંગાળ અને ભયજનક હાલતમાં જોવા મળી રહ્યા છે. જયારે હાલની સ્થિતિએ સરકારી આવાસો પૈકી મોટાભાગના રહણાંકને લાયક રહ્યા નથી. આવાસોની જોખમી સ્થિતિ તંત્ર માટે મુંઝવણનો વિષય બની છે. એકબાજુ જુના અને જર્જરિત મકાનોમાંથી સતત પોપડા ખરવા સહીતની ફરિયાદો ઉઠતી રહે છે. જયારે સરકારી આવાસો નવા બાંધવાની યોજના પણ મંદ ગતિએ ચાલી રહી છે. જુના સરકારી મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ નવા આવાસો બાંધવા માટે ઝડપથી આયોજન કરવામાં આવતુ નથી ભયજનક મકાનોનો કડુસલો કરાયા બાદ જગ્યા ખુલ્લી થતા દબાણોની સમસ્યા પણ વધી રહી છે. ત્યારે જુના અને જોખમી આવાસો રહેણાંકને લાયક ન હોવાથી કર્મચારીઓને ફાળવી પણ શકાતા નથી. શહેરમાં અંદાજિત ૪૫૦૦ જેટલા જોખમી મકાનો છે. જયારે હાલ તંત્રના ચોપડે આવાસોના મામલે મોટી થતી પ્રતિક્ષા યાદી પણ ૪૫૦૦ સુધી પહોંચી છે. સરકારી આવાસ માટેની પ્રતિક્ષા યાદી ઓપરેટ કરવાની તક પણ મળતી નથી. અલબત્ત રહેણાંકના મકાનો જ ઉપલબ્ધ ન હોવાથી આવાસ ફાળવી શકાતા નથી જયારે નવા આવાસો બાંધવાની યોજના ચાલી રહી છે પરંતુ આવાસ યોજના તૈયાર થતા હજુ સમય લાગે તેવી સ્થિતિ છે. ત્યારે માર્ગ મકાન વિભાગના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની અરજી લાંબા સમયથી પેન્ડીંગ છે. પ્રતિક્ષા યાદીમાં ડોકીયુ કરીને પણ કર્મચારીઓ તંગ આવી ગયા છે. સરકારી ચોપડે તોતિંગ પ્રતિક્ષા યાદીને ન્યાય મળે તે માટે તંત્ર દ્વારા કેટલાક મકાનો રીનોવેશન હેઠળ લઇ શકાય હોય તેવા આવાસોનુ મજબુતીકરણ પણ હાથ ધરાયુ છે. આવા સંજોગોમાં આવાસ ઈચ્છુક કર્મચારીઓ પણ દયાજનક સ્થિતિમાં મુકાઈ ગયા છે.

હાલની સ્થિતિએ માર્ગ મકાન વિભાગે આવાસોની ફાળવણીને અનુલક્ષી તૈયાર કરેલી પ્રતિક્ષા યાદી મુજબ ઘ કક્ષામાં ૨૬૬, ઘ-૧ કક્ષામાં ૨૪૧૯, ચ કક્ષામાં ૧૩૧૭, ચ-૧ કક્ષામાં ૨૦૦૫, છ કક્ષામાં ૧૮૫૯, જ કક્ષામાં ૫૭૮૫,જ-૨ કક્ષામાં ૫૩૯૫ અને જ -૧ કક્ષામાં ૧૧૪૭ સુધીના પ્રતિક્ષાક્રમ સુધી આવાસોની ફાળવણી કરવામાં આવી છે. જયારે હજુ પણ તંત્રના ચોપડે ૪૫૦૦ જેટલા અરજદારો આવાસોના મામલે પ્રતિક્ષા યાદીમાં સામેલ છે. આવાસના મામલે કર્મચારીઓને ઝડપથી મકાન ફાળવવામાં આવે તેવી પ્રબળ લાગણી અને માંગણી પણ ઉઠવા પામી છે.

મહાત્મા મંદિર ખાતે આજથી ત્રિદિવસીય ગ્લોબલ આયુષ સમીટ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ સમિટ આજથી ત્રિદિવસીય શરૂ થનાર છે. આ સમિટને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખુલ્લી મુકશે. દવાના ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર છે પરંતુ પરંપરાગત દવાના ક્ષેત્રમાં રોકાણ વધારવા, નવીનતમ સંશોધનો થાય અને નિકાસને વેગ આપવાના આશયથી આયુર્વેદ અને અન્ય પરંપરાગત દવાઓ પર આ સમીટ યોજાઈ રહી છે.

વડાપ્રધાન દ્વારા ખુલ્લી મુકાનાર આ સમીટમાં દેશ-વિદેશની વિવિધ ફાર્મા કંપનીઓ, ઈન્ડસ્ટ્રીઝ તથા ઔષધીય પાકોનું વાવેતર કરતા ખેડૂતો આયુર્વેદના તબીબો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેનાર છે. નાના-મોટા આયુર્વેદ દવાના ઉત્પાદકો તથા આયુર્વેદ સાથે જોડાયેલી ઈન્ડસ્ટ્રીઝ તેમજ આયુર્વેદ સ્ટાર્ટઅપ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય પ્લેટ ફોર્મ આ સમીટથી ઉપલબ્ધ થશે.

શહેર-જિલ્લામાં કોરોનાએ વિરામ લીધો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી. કોરોનાનો કેસ ન નોંધાતા તંત્રએ રાહતનો દમ લીધો છે. જોકે શહેર જિલ્લામાં કોરોના વેક્સિનેશનની કામગીરીમાં ગતિ આવે તે માટે તંત્રને તાકીદ કરવામાં આવી છે.શહેર-જિલ્લામાં હવે કોરોનાના એકટીવ કેસની સંખ્યા ૧૫ થી પણ ઓછી છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

દરમ્યાન ગાંધીનગર શહેરમાં આજે વધુ ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

સે-૩ બી માં ત્રણ દિવસથી સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાથી સોસાયટીમાં અંધારપટ્ટ

સે-૩ બી ના પ્લોટ નં -૩૦૦ નજીકના વિસ્તારમાં સ્ટ્રીટ લાઇટના ૧૫ થાંભલા બંધ રહીશોને હાલાકી

ગાંધીનગર તા ૧૯

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોના આંતરિક માર્ગો આસપાસ સ્થિત લાઈટીંગ પોલ્સ વિશેષ રીતે બંધ હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. જયારે હાલ પણ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટ બંધ રહેતી હોવાની ફરિયાદો વધી રહી છે. એકબાજુ વૃક્ષોની નમી પડેલી તોતિંગ ડાળીઓ પણ દુર કરાતી નથી જયારે બીજીતરફ ફરિયાદોનુ નિરાકરણ પણ ઝડપથી આવે તેવી માંગ ઉઠવા પામી છે. સે-૩ બી માં છેલ્લા ત્રણ દિવસથી પ્લોટ નં -૩૦૦ નજીકના વિસ્તારમાં ૧૫ જેટલા લાઈટીંગ પોલ બંધ હાલતમાં છે જેના લીધે સાંજ ઢળતા જ આ વિસ્તારમાં અંધારપટ્ટ છવાઈ જાય છે.

શહેરના સેકટરોમાં ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા ઉનાળુ રાત્રિમાં સેકટરોના આંતરિક વિસ્તારમાં અંધારપટ્ટ જોવા મળી રહ્યો છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેવાની ફરિયાદો વરસાદી દિવસો દરમિયાન વિશેષ રહે છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો માટે વૃક્ષોની નમી પડેલી તોતિંગ ડાળીઓ પણ આડશરૂપ બની છે. જેના લીધે માર્ગો પર લાઈટનુ પુરતુ અજવાળુ પણ પથરાતુ નથી. એકબાજુ સેકટરોમાં સ્થિત લાઈટીંગ પોલ્સ કટાયેલા અને કંગાળ હાલતમાં હોવાનો રોષ પણ સ્થાનિકોમાં પ્રબળ બન્યો છે. જયારે લાઈટના થાંભલા પર જાહેરાતના આશયથી પેમ્ફલેટસ તેમજ બેનર્સ પણ બિન્દાસ્ત રીતે ચિપકાવી દેવામાં આવે છે જેની સામે પગલા લેવાય તે પણ અનિવાર્ય છે. આ ઉપરાંત સેકટરોમાં વારંવાર બંધ રહેતા સ્ટ્રીટ લાઈટના થાંભલા સંદર્ભે ફરિયાદોનો કાયમી ઉકેલ આવે તે માટે પણ સ્થાનિકો રજુઆત કરી રહ્યા છે. હાલ સે-૩ બી માં પ્લોટ નં - ૩૦૦ નજીક ના વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના ૧૫ જેટલા થાંભલા બંધ હાલતમાં છે. છેલ્લા ત્રણ દિવસથી આ વિસ્તારમાં લાઈટો ડુલ હોવાના લીધે અંધારપટ્ટ જોવા મળે છે. ઉનાળુ રાત્રિમાં સોસાયટીના સભ્યો વોકીંગ કરવા કે લટાર મારવા માટે પણ બહાર નિકળતા હોય છે. આ સ્થિતિ વચ્ચે સેકટરના આ વિસ્તારમાં અંધારપટ્ટ છવાયેલો રહેતા સ્થાનિકોને હાલાકી વેઠવી પડે છે. તંત્ર કક્ષાએથી ત્વરિત પગલા લઈ આ સમસ્યા નિવારવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે.

સેક્ટરોમાં સ્થિત પડતર મેદાનોના ભાડાના દરમાં ૧૦ ટકાનો વધારો કરાયો

મેદાન ભાડે લેવા માટે ૪૫ દિવસ અગાઉ અરજી કરવી ફરજિયાત

ગાંધીનગર તા ૧૯

શહેરના સેકટરોમાં સરકારી મેદાનો વિશેષ છે. જયારે આ મેદાનોનો સમયાંતરે કે વારે તહેવારે કોર્મશિયલ કે નોન કોર્મશિયલ ધોરણે ઉપયોગ થતો હોય છે. જયારે હવે મેદાનોને ભાડે મેળવવા માટે ભાડાના દરમાં ૧૦ ટકાનો વધારો કરાયો છે. જયારે મેદાન ભાડે મેળવવા માટે તંત્રને ૪૫ દિવસ અગાઉ અરજી કરવાનુ પણ ફરજિયાત રહેશે તેમ પણ જણાંવાયુ છે.

શહેરના સેકટરોમાં સ્થિત સરકારી મેદાનોના ભાડાના દરમાં વધારો કરાયો છે. સરકારી પડતર મેદાનોના ભાડાના દરમાં ૧૦ ટકાનો વધારો કરી દેવાયો છે. મેદાનોના નોન કોર્મશિયલ ઉપયોગ માટે ડિપોઝીટ ઉપરાંત પ્રતિદિનનુ ભાડુ રૂ ૧૪૬૩ નિયત કરાયુ છે. જેમાં રાજકીય, સામાજિક કે ધાર્મિક હેતુ અલબત્ત આર્થિક ઉપાર્જન ન હોય તેવા કિસ્સામાં આ ભાડાનો દર નિયત કરાયો છે. જયારે કોર્મશિયલ ધોરણને અનુલક્ષી રોજના રૂ ૮૦૫૨ ભાડુ નિયત કરાયુ છે. જેમાં બિન આર્થિક ધોરણ મુજબ ડીપોઝીટ રૂ ૨ હજારની નિયત કરાઈ છે. જયારે આ અન્વયે ૧૦ દિવસ માટે જમીન ફાળવવામાં આવે છે. તેમજ અરજદારે ૧૦ દિવસ પહેલા અરજી કરવાની રહે છે. આ ઉપરાંત દિવાળી કે ઉતરાયણ જેવા તહેવારો વ્યકિત કે ખાનગી સંસ્થાને વ્યાપારી હેતુ માટે પદર્શન કે વેચાણના હેતુ માટે ૨૦ હજારની ડીપોઝીટ તેમજ ચો મી ના રૂ ૨૨ દીઠ મહત્તમ ૩૦ દિવસ માટે જગ્યા ફાળવવામાં આવે છે. આ ઉપરાંત સર્કસ કે મેળા સહીતના આયોજનને અનુલક્ષી કે જેમાં પ્રવેશ ફી પણ રાખવામાં આવી હોય જેમાં ૫૦૦ ચો મી થી વધુ જગ્યા લેવાની હોય તો ૨૦ હજાર રૂપિયા ડીપોઝીટ તેમજ ૮૦૫૨ ભાડુ નિયત કરવામાં આવ્યુ છે. જયારે ૬૦ દિવસ માટે જમીન ફાળવવામાં આવે છે.

જયારે શૈક્ષણિક હેતુને અનુલક્ષીને ૫૦૦ ચોરસ મીટરથી વધુ જગ્યા માટે પ્રતિદિન ચો મી દીઠ રૂ ૨૨ ભાડુ વસુલવામાં આવશે.જયારે પ્રવેશ ફી હોય તેવા કિસ્સામાં રૂ ૨૦ હજાર ડીપોઝીટ પેટે લેવામાં આવશે. અગર રૂ ૫ હજારની ડીપોઝીટ ભરવાની રહેશે. જયારે આ તમામ મામલે ભાડે જગ્યા મેળવવા માટે ૪૫ દિવસ અગાઉથી તંત્રને અરજી કરવાની રહેશે તેમ પણ જણાંવાયુ છે.

જિલ્લામાં ૨૧મીએ હળવા વરસાદની સંભાવનાઓ છે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં ૨૧ એપ્રિલના રોજ છુટા છવાયા સ્થાનો પર ૩ મી.મી. જેટલો હળવો વરસાદ થવાની સંભાવના છે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન શાસ્ત્ર વિભાગના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૬ માં આ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન પૂર્વાનુમાન અંગેની સંભાવના વ્યક્ત કરતાં આ બુલેટીનમાં જણાવાયુ છે ૨૪ એપ્રિલ સુધી મહત્તમ તાપમાન ૪૦-૪૨ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૫-૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે.

૨૧ એપ્રિલ દરમ્યાન આકાશ મોટે ભાગે વાદળછાયુ રહેશે અને છુટી છવાઈ જગ્યાએ હળવો વરસાદ થવાની સંભાવના છે. આ દિવસે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે.

હવામાં ભેજનું પ્રમાણ ૧૯ થી ૬૮ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૩ થી ૧૮ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે હળવા વરસાદની સાથે પવન ફુંકાવવાની શક્યતા હોવાથી પાક પડી જતો અટકાવવા પવન સામે રક્ષણ માટે ટેકા આપવા, ખાસ કરીને શાકભાજીના પાકોમાં છંટકાવ કરવાનું હાલ પુરતુ મોકુફ રાખવા તેમજ પરિપકવ ઉતારવાલાયક ફળોને ઉતારી લેવા માટે ખેડૂતોને સલાહ આપવામાં આવી છે.

રાજ્યના ૧૦ હજાર વિદ્યાર્થીઓને ડ્રોનના ઉપયોગની તાલીમ અપાશે

રાજ્ય સરકારે ડ્રોન સેક્ટર માટે બજેટ ફાળવ્યું : આ વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટમાં તાલીમ આપવામાં આવશે

ગાંધીનગર,તા.૧૯

ગુજરાત સરકાર દ્વારા પહેલી વાર પોતાના બજેટમાં ડ્રોન સેક્ટર માટે ફંડની ફાળવણી કરવામાં આવી છે. ગુજરાત સરકારની યોજના છે કે ઈન્ડસ્ટ્રી અને અન્ય ક્ષેત્રોમાં જરૂરિયાતોને પૂરી પાડવા માટે લગભગ ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓને ડ્રોનનો ઉપયોગ કરવાની તાલીમ આપવામાં આવશે. આ વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટમાં તાલીમ આપવામાં આવશે.આ સમગ્ર બાબતના જાણકાર જણાવે છે કે, સરકાર સ્કૂલ ઓફ ડ્રોન્સની સ્થાપના કરવા માંગે છે જેથી તેમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને ડ્રોન સંચાલનથી લઈને તેના મેઈન્ટેનન્સ સુધીની સમગ્ર તાલીમ એક કોર્સ અંતર્ગત આપવામાં આવે. સરકાર આ સ્કિલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ પ્રસ્તુત કરવા માટે ઉત્સુક છે. આટલુ જ નહીં આ કોર્સમાં ડ્રોનના સંચાલન અને મેઈન્ટેનન્સની સાથે સાથે ડેટા એનાલિસિસ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એપ્લિકેશન્સ જેવા વિષયો પર પણ શિક્ષણ આપવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ડ્રોન સેક્ટરમાં આ કોર્સ ક્રાંતિ લાવશે, આનો ફાયદો ઘણાં લોકોને થશે. ડ્રોન અને તેને લગતા ક્ષેત્રોમાં આ કોર્સને કારણે રિસર્ચ, ઈનોવેશન અને નવા સાહસોને પ્રોત્સાહન મળશે. વધુમાં જણાવવામાં આવ્યું કે ગુજરાત પ્રથમ એવું રાજ્ય હશે જેમાં આ પ્રકારની તાલીમ આપવામાં આવશે. વિદ્યાર્થીઓને ડ્રોનના સંચાલનની તાલીમ તો મળશે જ પરંતુ સાથે સાથે રાજ્યમાં ડ્રોન ઈન્ડસ્ટ્રીનો પણ વિકાસ થઈ શકશે.

સૂત્રોએ આગળ જણાવ્યું કે, રાજ્ય સરકારની યોજના છે કે કેન્દ્ર સરકાર દ્વારા ડ્રોન ટેક્નોલોજીને પ્રમોટ કરવા માટે લોન્ચ કરવામાં આવેલા ડિજિટલ સ્કાય પ્લેટફોર્મને અડોપ્ટ કરવા માટે નવી પોલિસી તૈયાર કરવામાં આવે.

સગીરા પર દુષ્કર્મ આચરવાના કેસમાં આરોપીને ૧૦ વર્ષની સજા

આરોપીએ સગીરાએ કાનમાં પહેરેલી સોનાની બુટ્ટીઓ કાઢીને પણ વેચી દીધી હતી

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર જિલ્લાના એક ગામમાં સગીરાનુ અપહરણ કરી તેના પર દુષ્કર્મ આચરવાના ગુન્હામાં ગાંધીનગરની પોસ્કો કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે. આરોપીએ સગીરાએ કાનમાં પહેરેલી સોનાની બુટ્ટીઓ પણ કાઢી નાંખીને વેચી મારી હતી. કોર્ટે આરોપીને રૂ ૧૦ હજારનો દંડ ચુકવવા પણ આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર ગાંધીનગર જિલ્લાના એક ગામમાં રહેતી સગીરાને ફિરોઝપુર ગામમાં રહેતા આરોપીએ લલચાવી અલબત્ત લગ્ન કરવાની લાલચ આપી ફોસલાવી હતી આરોપી વર્ષ દરમિયાન સગીરાનુ અપહરણ કરીને ભગાડી કઠલાલ લઈ ગયો હતો. આ દરમિયાન આરોપીએ સગીરાએ કાનમાં પહેરેલી સોનાની બુટ્ટી પણ વેચી મારી હતી. જયારે આરોપી તેણીને અંબાજી સહીતની જગ્યાએ લઈ ગયો હતો. આ દરમિયાન આરોપીએ તેણીની સાથે દુષ્કર્મ આચર્યુ હતુ. આ અંગે સગીરાના પિતા ડભોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પાલીસે આરોપી વિરુધ્ધ ગુન્હો દાખલ કરીને આરોપી શૈલેષ ઠાકરો વિરુધ્ધ પોકસો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યુ હતુ. આ કેસ ગાંધીનગરની પોક્સો કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ દલીલો કરી હતી જેમાં સરકારી વકીલે આરોપીને સખત કેદ કરવા માટે કોર્ટ સમક્ષ દલીલો કરી હતી જે દલીલો તેમજ પુરવાઓને ધ્યાનમાં રાખી સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ એસ એન સોલંકીએ આરોપી શૈલેષ ઠાકોરને ૧૦ વર્ષની સખત કેદ તેમજ રૂ ૧૦ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com